૫૫૫૬

ડૉ. આંબેડકર સફાઈ કામદાર
આવાસ યોજના હેઠળ મકાન સહાય
ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૨૦૦૩–૨૨૦૧–ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૨૧ / ૦૬ / ૨૦૦૫

વાંચાણે લીધા :–

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯–૧૨–૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૯૭–ન.બા.–૩૩/ગ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯–૮–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : અબક–૧૦૨૦૦૦–૪૬૪–હ.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮–૧–૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક : સશપ–૧૪૯૭–ન.બા.–૧–અ.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૩–૨–૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૦૩–૨૨૦૧–ગ.
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૭–૫–૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક : અબક–૧૦૨૦૦૩–૧૩૦૩–હ.
(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮–૫–૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ–૧૦૦૨–૧૯૩૫–ગ.
(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની તા. ૮–૧૧–૨૦૦૪ ની દરખાસ્ત.

પ્રસ્તાવના :–

આમુખમાં જણાવેલ ક્રમાંક (૧) અને (૫) આગળના ઠરાવોથી રાજયમાં સફાઈ કામદારો અને તેમના આશ્રિતો માટે ડૉ. આંબેડકર આવાસ યોજનાના ધારાધોરણો મુજબ મકાન સહાયની યોજના અમલમાં છે. આ યોજનાનો લાભ સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને ઝડપથી અને સરળતાથી મળે તે માટે યોજનાનું સરળીકરણ કરવા આમુખમાં જણાવેલ ક્રમાંક (૭) આગળ દર્શાવેલ મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની તા. ૮–૧૧–૨૦૦૪ ની દરખાસ્ત અન્વયે સદરહુ ઠરાવમાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની શરતોમાં અંશતઃ ફેરફાર / સુધારા સાથેનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઠરાવ :–

૧. આ યોજનાને 'ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના' તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુ :– આ યોજનાનો હેતુ રાજ્યના સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને રહેણાંકના પાકા આવાસો સમયબધ્ધ કાર્યક્રમ રૂપે તબક્કાવાર પુરા પાડવાનો છે.

૩. પાત્રતાની શરતો :–

(૧) આ યોજનાનો લાભ સફાઈ કામદારો અને તેઓનાં આશ્રિતોને મળવાપાત્ર રહેશે અને તે માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહિ.

(૨) આ યોજનાની પાત્રતા માટે લાભાર્થીએ આમુખ (૬) થી સરકારશ્રીએ નિયત કરેલ નીચે મુજબના સક્ષમ અધિકારીશ્રીનો સફાઈ કામદાર કે તેમનાં આશ્રિત હોવા અંગેનો દાખલો આપવાનો રહેશે.

| નં. | વિસ્તાર | સફાઈ કામદાર કે તેમના આશ્રિતનો દાખલો આપવા માટે નિયત કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો હોદ્દો |
|---|---|---|
| ૧. | મહાનગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો માટે | સંબંધિત મહાનગરપાલિકાના ગેઝેટેડ ઓફિસરથી નીચેના કક્ષાના ન હોય તેવા અધિકારી |
| ૨. | નગરપાલિકા / નોટીફાઈડ વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો માટે | ચીફ ઓફિસર |
| ૩. | નગરપાલિકા બરો / નગર પંચાયત વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો માટે | ચીફ ઓફિસર |
| ૪. | ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો માટે | તલાટી–કમ–મંત્રીના પ્રમાણપત્ર ઉપર તાલુકા વિકાસ અધિકારી અથવા મામલતદારની પ્રતિ સહી (કાઉન્ટર સહી) |
| ૫. | સરકારી/અર્ધ સરકારી અને કેન્દ્ર સરકારની કચેરીમાં કામ કરતાં સફાઈ કામદારો માટે | કચેરીના વડા અથવા જે તે કચેરીના ગેઝેટેડ ઓફિસરથી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારી. |
| ૬. | ખાનગી હોસ્પિટલો, હોટલો, રેસ્ટોરન્ટ વગેરેમાં સફાઈનું કામ કરતા સફાઈ કામદારો માટે | જે તે નોકરી દાતા દ્વારા અપાયેલ પ્રમાણપત્રમાં ઉપર જણાવેલ ક્રમ નં.–૧ થી ૪ મુજબ વિસ્તારને અનુલક્ષીને સંબંધિત અધિકારી અથવા રાજ્યપત્રિત મહેસુલી અધિકારી દ્વારા પ્રતિ સહી (કાઉન્ટર સહી) કરેલ પ્રમાણપત્ર. |
| ૭. | સોસાયટી/મહોલ્લામાં સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો માટે | |
| ૮. | ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા રોકવામાં આવેલ સફાઈ કામદારો માટે | |
| ૯. | અન્ય જગ્યાએ કામ કરતાં સફાઈ કામદારો માટે | |

(૩) ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ ગરીબી રેખા હેઠળ જીવતા સફાઈ કામદાર કુટુંબોની (બીપીએલ) યાદી પૈકીના ઘર વિહોંણા સફાઈ કામદાર અને તેઓના આશ્રિત લાભાર્થીઓને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૪) સફાઈ કામદાર અને તેઓના આશ્રિત હોય તેવી ઘર વિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવ્યો હોય અને જેનો કબજો ધરાવતી હોય, અન્ય કોઈ ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાયનો લાભ ન મળ્યો હોય તેને આ યોજનાનો લાભ મળી શકશે.

(૫) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય પરંતુ તદ્દન કાચું ગાર માટીનું, ઘાસ પુળાનું, કુબા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર લાભાર્થીને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૬) ગ્રામ પંચાયત / રેવન્યુ / સીટી સર્વેના અથવા અન્ય કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ આવા લાભાર્થીઓ કબજો ધરાવતા હોય તેવી જમીનનો મિલકત વેરો ભર્યાનો દાખલો રજુ કરે તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) પંચાયત / રેવન્યુ / સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય પરંતુ રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય, મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના કબજેદારોને પણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૮) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના હેઠળ ૨૫ ચો.વાર, ૪૦ ચો.વાર કે ૧૦૦ ચો.વાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર કે અન્ય રીતે ફાળવાયેલ રહેણાંકના પ્લોટ, સરકારે ફાળવેલ પ્લોટ અથવા પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવે તેને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૯) વારસાઈથી મિલકત પ્રાપ્ત કરી હોય અને તે અંગે પંચાયત / રેવન્યુ / સીટી સર્વે રેકર્ડ માં નોંધ ન થઈ હોય પરંતુ કુલ મુખત્યાર તરીકે ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવાની જો સંમત્તિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૧૦) રહવળીયા / રાવળ અને અન્ય ઈનામી જમીનોના કાયદા / નિયમો હેઠળ પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસુલ / સીટી સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓ લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો ધરાવતા હોય તો તેઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી મદદનીશ જિલ્લા મેનેજરે કરવાની રહેશે.

(૧૧) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ, ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેત મજુરોનું હાઉસીંગ બોર્ડ, મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓ /

શહેરી વિકાસ સત્તા મંડળો, હુડકો ઉપરાંત સરકારી કે સરકાર માન્ય એજન્સીની પ્રવર્તમાન યોજના હેઠળ લાભાર્થી મકાન બનાવવા / મકાન ખરીદવા માંગે તો સંબંધિત બોર્ડ કે એજન્સીને અરજી કરવાથી બોર્ડ કે એજન્સીની દરખાસ્તના આધારે મકાન સહાય અને લોન મંજુર કરવામાં આવશે અને મંજુર કરેલ રકમ સીધી સંબંધિત બોર્ડ એજન્સી હસ્તક મુકવામાં આવશે. જયારે ખુટતી રકમની જે તે લાભાર્થીએ પોતે વ્યવસ્થા કરવાની રહેશે. પરંતુ આમ કરતાં પહેલા યોજનાની અન્ય શરતો ધ્યાને લેવાની રહેશે.

(૧૨) આ યોજના હેઠળ (૧) વિધવા સફાઈ કામદાર (૨) ગરીબી રેખા હેઠળ જીવતા સફાઈ કામદાર કુટુંબો અને (૩) કુદરતી આપત્તિ તેમજ માનવ સર્જીત આપત્તિને લીધે જેના મકાનોનો નાશ થયો છે તેવા ઈસમોને મકાન સહાયના નિયત લક્ષ્યાંકમાં અગ્રતાના ધોરણે આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૧૩) સરકાર દ્વારા માન્ય થયેલ સંસ્થા તેમજ નાણાંકીય ધિરાણ કરતી સંસ્થા / બેંક દ્વારા નાણાંકીય ધિરાણ મળેલ હશે તેવા અરજદારોના યોગ્ય કિસ્સામાં ઉપરોક્ત શરતોનું પાલન થતું હશે તો આવી સહાય મળવાપાત્ર થશે.

(૧૪) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને મહત્તમ ૫૦ વર્ષની રહેશે. વિધવાના કિસ્સામાં મહત્તમ ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

(૧૫) ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ બનેલ મકાન પર લાભાર્થીએ "રાજ્ય સરકારની ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના " એ મુજબની તકતી બનાવી લગાડવાની રહેશે.

<u>૪. સહાયનું ચુકવણું :–</u>

(૧) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂા. ૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરાં) રહેશે.

(૨) મકાન સહાયની રકમ ઉપરાંત સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને ખરેખર જરૂરીયાત અથવા વધુમાં વધુ શહેરી વિસ્તાર માટે રૂા. ૬૦,૦૦૦/– અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૩૦,૦૦૦/– મકાન બાંધકામનાં હેતુ માટે બિનવ્યાજકીય લોન નીચેની શરતોને આધિન મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા સરકારી/અર્ધસરકારી સંગઠીત ક્ષેત્રની કચેરીના સફાઈ કામદાર કર્મચારીને મળવાપાત્ર રહેશે.

(ક) આ યોજના હેઠળ બિનવ્યાજકીય લોનની રકમ વધુમાં વધુ ૧૨૦ સરખા હપ્તા (દસ વર્ષ) માં લાભાર્થીએ પરત ભરપાઈ કરવાની રહેશે.

(ખ) આ યોજનાનો લાભ ૧૦ કે તેથી વધુ સફાઈ કામદારો દ્વારા કલસ્ટરમાં (જૂથમાં) મકાન બાંધકામ કરવામાં આવતાં આવાસોમાં અગ્રતા આપવાની રહેશે.

(ગ) આ યોજના હેઠળ બિનવ્યાજકીય લોન માટે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની ધિરાણ યોજનાની શરતો અને દસ્તાવેજો લાભાર્થીએ કરવાના રહેશે.

(ઘ) મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા સરકારી/અર્ધસરકારી સંગઠીત ક્ષેત્રની કચેરીમાં નોકરી કરતાં સફાઈ કામદારો જ્યાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ સફાઈ કામદારના પગારમાંથી માસિક હપ્તો કાપીને નિગમને જમા કરાવવા અંગેની બાંહેધરી રજૂ કરવાની રહેશે. તેમજ આવા કિસ્સામાં સફાઈ કામદારના અવસાન કે બરતરફીના કેસમાં કચેરીના વડાએ સફાઈ કામદારને આપવાની થતી નિવૃત્તિની રકમમાંથી બાકી રહેતી બિનવ્યાજકીય લોનની રકમ નિગમને જમા કરવાની બાંહેધરી પણ આપવાની રહેશે.

(ચ) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૨૫/૨/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : નશજ / ૧૦૯૨ / ૨૭૬૪ / અ થી ગુજરાત રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં આવેલ પડતર જમીનમાંથી દરેક નગરપાલિકા વિસ્તારમાં સફાઈ કામદારોને ૨૫ ચો. મી. નાં પ્લોટ પ્રતિ ચો. મી. ના રૂા. ૧૦ ના ભાવે ફાળવવા નિર્ણય કર્યો છે અને સફાઈ કામદારોને આ પ્લોટની ફાળવણીમાં આવકની કોઈ મર્યાદા પણ નથી.

સરકારશ્રીના મહેસુલ વિભાગના ઉકત ઠરાવ અને ત્યારબાદના વખતોવખતના સુધારા મુજબ સફાઈ કામદારોને મહાનગરપાલિકા / નગરપાલિકા / ગ્રામ પંચાયત કે સરકાર તરફથી રહેણાંકના મકાન માટે ફાળવણી કરેલ જમીન—પ્લોટની કિંમત પેટે સરકારશ્રી કે સુધરાઈની સંસ્થાઓને આપવાની થતી રકમ બિનવ્યાજકીય લોનમાંથી આપી શકાશે.

૩) મકાનની ટોચની કિંમત શહેરી વિસ્તારમાં રૂા. ૧,૫૦,૦૦૦/— અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧,૦૦,૦૦૦/— ની રહેશે.

૪) આ યોજના હેઠળ મકાન સહાયની અને બિનવ્યાજકીય લોનની રકમ નીચે મુજબના તબકકાઓમાં ચૂકવવામાં આવશે જેમાં :

(અ) પ્રથમ હપ્તો અરજી મંજુર કરતી વખતે ૨૫ ટકા લેખે ચૂકવવાનો રહેશે.

(બ) બીજો હપ્તો લીન્ટલ લેવલનું બાંધકામ પૂર્ણ કર્યાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ૫૦ ટકા ચૂકવવાનો રહેશે.

(ક) ત્રીજો અને છેલ્લો હપ્તો મકાન બાંધકામ પૂર્ણ થયાનું નીચે જણાવ્યા મુજબના અધિકારીઓનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ૨૫ ટકા ચૂકવવાનો રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર, અધિક મદદનીશ ઈજનેર અને શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે. અનુભવે જણાયેલ છે કે આ પ્રમાણપત્ર આપવામાં આવા કર્મચારીઓ / અધિકારીઓ દ્વારા ઢીલ કરી અરજદારોને હેરાન કરતા હોય છે. આવી ઘટના નિવારવા મકાન પૂર્ણ થયેથી ૪૫ દિવસમાં મકાન પૂર્ણ થયાનું પ્રમાણપત્ર ઉપરોકત અધિકારીઓ ન આપે તો વિકલ્પે વિભાગના

જિલ્લા અધિકારીએ એટલે કે મદદનીશ જિલ્લા મેનેજરે જાત મુલાકાત કરી મકાનની ચકાસણી કરી ગામના બે પંચોની હાજરીમાં રોજકામ કરી, મકાનનો ફોટો લાભાર્થી સાથે લઈને છેલ્લો હપ્તો ચૂકવી શકાશે અને તે માન્ય ગણાશે આ કામગીરી મકાન પૂર્ણ થયાના ત્રણ માસ સુધીમાં અચૂક પૂર્ણ કરવાની રહેશે.

(૫) આ યોજનામાં લાભાર્થીઓનો શ્રમફાળો રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાં) રહેશે.

(૬) આ યોજના અમલમાં આવે તે પહેલાની મંજુર કરાયેલ અરજીઓ પૈકી જેમાં એક કે વધારે હપ્તા ચૂકવ્યા હોય તેનો અમલ જુના ઠરાવ પ્રમાણે કરવાનો રહેશે. જ્યારે જે અરજીઓ સ્વીકારાયેલ હોય પરંતુ એક પણ હપ્તો ચૂકવ્યો ન હોય તેવી તમામ અરજીઓ રદ થયેલી ગણાશે.

(૭) અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહ નિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી.

૫. મકાન પૂર્ણ કરવાની સમય મર્યાદા :–

મકાન સહાયનો બીજો હપ્તો ચુકવ્યા બાદ એક વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. સમય મર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ ન કરનાર લાભાર્થી પાસેથી મકાન સહાયના ચૂકવાયેલા હપ્તા પરત વસુલ કરવાની જવાબદારી સંબંધિત મદદનીશ જિલ્લા મેનેજરની રહેશે. અપવાદ રૂપે કાબુ બહારના સંજોગોમાં કે સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં ઢીલ થવાના પ્રસંગે આ સમયમર્યાદામાં ગુણ–દોષના આધારે ઉપરોક્ત અધિકારીને છુટછાટ આપી શકાશે.

૬. યોજનાનું અમલીકરણ અને અહેવાલ :–

(૧) આ યોજનાનું અમલીકરણ મદદનીશ જિલ્લા મેનેજર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા કરવામાં આવશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓની પસંદગી કરવા માટે જિલ્લા દીઠ નીચે મુજબની લાભાર્થી પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અથવા તેમના પ્રતિનિધિ | કન્વીનર |
| ૨ | સંબધિત જિલ્લાના ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના ડીરેકટર | સભ્ય |
| ૩ | સંબધિત જિલ્લાના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (શહેરી વિસ્તાર માટે) | સભ્ય |
| ૪ | સંબધિત જિલ્લાના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (ગ્રામ્ય વિસ્તાર માટે) | સભ્ય |
| ૫ | સંબધિત જિલ્લાના મદદનીશ જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | સભ્ય સચિવ |

(૨) આ યોજના હેઠળ વ્યકિતગત લાભાર્થીની અરજીઓ મેળવવા માટે માહે ડિસેમ્બરમાં તે પછીના નાણાંકીય વર્ષ માટે મદદનીશ જિલ્લા મેનેજરની કચેરી દ્વારા સ્થાનિક દૈનિક અખબારમાં જાહેરાતો આપવામાં આવશે. જાહેરાત અપાય તે તારીખથી જે તે લાભાર્થીએ ૩૦ દિવસની મર્યાદામાં અરજીઓ રૂબરૂમાં અથવા ટપાલથી જે તે જિલ્લા કચેરીઓને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ પસંદ થયેલ લાભાર્થીઓની યાદી પ્રસિધ્ધ કરતાં પહેલાં જે તે લાભાર્થીને રજીસ્ટર એ.ડી.-થી જાણ કરવાની રહેશે. ત્યારબાદ તા. ૩૧ મી માર્ચ સુધીમાં મદદનીશ જિલ્લા મેનેજરની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૪) સફાઈ કામદારો અને તેઓના આશ્રિતો માટેની આ યોજના સંપૂર્ણ રીતે સિધ્ધ થાય તે નજર સમક્ષ રાખીને અરજદારે ધારણ કરેલ પ્લોટ અંગેની સ્થાનિક સ્થળ સ્થિતિ પણ લક્ષમાં લેવી અને મકાન બાંધકામ પૂર્ણ થયાના પ્રમાણપત્રના આધારે વ્યવહારુ નિર્ણય લેવાનું સક્ષમ અધિકારીએ જોવું.

(૫) સરદાર પટેલ આવાસ યોજનાની સુધારેલી જોગવાઈ મુજબ આર.સી.સી. સ્લેબને બદલે મેંગલોરી નળિયાના ઢળતા છાપરાવાળા મકાનોના કિસ્સામાં પણ આ યોજનામાં સહાય આપી શકાશે.

(૬) આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ લાભાર્થીઓની એક જ સ્થળે, એક સામટા, સમુહમાં વસાહતો બનાવવા ઈચ્છતા હોય તો તેમના કિસ્સામાં આવાસો બનાવવા માટે બિનસરકારી સંસ્થાને, એજન્સી તરીકે કામ સોંપી શકાશે. બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાની પાત્રતા નીચે મુજબ રહેશે.

(અ) બિનસરકારી સંસ્થાની નોંધણી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ અથવા ચેરીટેબલ એકટ હેઠળ નોંધાયેલ જાહરે ટ્રસ્ટ કે સંસ્થા હોવી જોઈશે.

(બ) આ સ્વૈચ્છિક સંસ્થા ઓછામાં ઓછા ત્રણ વર્ષ પહેલાં નોંધાયેલ હોવી જોઈએ અને જે તે સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટેડ હિસાબો રજૂ કરવાના રહેશે.

(ક) આવી સંસ્થા સામાજિક, આર્થિક ઉત્કર્ષ માટે કામ કરતી સેવાભાવી પ્રતિષ્ઠિત સંસ્થા હોવી જોઈએ

(૭) આ બિનસરકારી સંસ્થાની પસંદગી રાજયકક્ષાની સમિતિ નકકી કરશે. રાજય કક્ષાની સમિતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા) | અધ્યક્ષશ્રી |
| ૨ | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૩ | નાયબ સચિવશ્રી / સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫ | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | સભ્ય સચિવ |
| ૬ | બે બિનસરકારી સભ્યો ( સફાઈ કામદારોના કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ સામાજિક કાર્યકર) (માન. મંત્રીશ્રી નિમણૂંક કરશે) | સભ્ય |

(૮) બિનસરકારી સંસ્થાઓની પસંદગી કરવા માટેની દરખાસ્ત મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે સરકારશ્રીમાં મોકલવાની રહેશે અને રાજ્યકક્ષાની સમિતિ તે દરખાસ્ત ઉપર વિચારણા કરીને બિનસરકારી સંસ્થાની પસંદગી કરશે.

(૯) આ યોજના હેઠળ બંધાતા મકાનો પૈકી પ્રતિ વર્ષે ઓછામાં ઓછા પાંચ ટકા મકાનોનું આકસ્મિક સ્થળ નિરીક્ષણ કરી તેની યોગ્યતા અંગેનો અહેવાલ સરકારને મોકલવાનો પ્રબંધ મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજનામાંથી પાડવાનો રહેશે અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(ક. એલ. તબિયાર)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
ગ્રામ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.